# હિસાબ નિયામકશ્રીની કચેરી

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી
યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦

NAVSARI AGRICULTURAL UNIVERSITY

**ખાસ અગત્યનું/ સમયમર્યાદા**

**વંચાણે:–** **(૧)** ગુજરાત સરકારશ્રીના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: નપન/૧૦૨૦૧૧/ડી/૨૪૫/પી (પા.ફા.૧) સચિવાલય ગાંધીનગર, તા. ૨૯/૧૦/૨૦૨૨.

**(૨)** ગુજરાત સરકારશ્રીના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: નપન/૧૦૨૦૧૧/ડી/૨૪૫/પી (પા.ફા.૧) સચિવાલય ગાંધીનગર, તા. ૨૯/૦૨/૨૦૨૪.

## પરિપત્ર

**નવી વર્ધિત પેન્શન યોજના (NPS) અંતર્ગત ફાળામાં ફેરફાર કરવા બાબત.**

ગુજરાત રાજ્યમાં તા. ૦૧/૦૪/૨૦૦૫ ની અસરથી અમલમાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના અંતર્ગત નવસારી કૃષિ યુનિવર્સિટીમાં નવી નિમણુંક પામેલ તમામ NPS ખાતા ધારક કર્મચારીશ્રીઓને જણાવવાનું કે, વંચાણે લીધેલ ગુજરાત સરકારશ્રીના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક (૧) ની વિગતે નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ ફરજ બજાવતા કર્મચારીના મૂળ પગાર + મોંઘવારી ભથ્થાના અનુક્રમે ૧૦%, ૧૨% અને ૧૪% NPS ફાળા સામે સરકારશ્રી દ્વારા અનુક્રમે ૧૦%, ૧૨% અને ૧૪% ફાળો જમા કરાવવાની જોગવાઈ કરવામાં આવેલ હતી, જેમાં ફેરફાર કરીને વંચાણે લીધેલ ગુજરાત સરકારશ્રીના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક (૨) ની વિગતે કર્મચારીના મૂળ પગાર + મોંઘવારી ભથ્થાના **૧૦% NPS ફાળા સામે સરકારશ્રીનો ૧૪% ફાળો આપવાનું ઠરાવવામાં આવેલ છે**. જે મુજબની **અમલવારી માર્ચ–૨૦૨૪ ના પગાર (પેઈડ ઇન એપ્રિલ–૨૦૨૪) થી** શરૂ કરવાની રહેશે.

**સામેલ:–** ઉપર મુજબ.

**જા.નં. નકૃયુ/હિનિ/પી.એફ./૮૪૦/૨૦૨૪**
**નવસારી, તા. ૦૧/૦૩/૨૦૨૪**

**હિસાબ નિયામક**

**નકલ સવિનય રવાના (e-પરિપત્ર દ્વારા):–**
(૧) આ યુનિવર્સિટીના તમામ કચેરીઓના વડાશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.
(૨) આ યુનિવર્સિટીના તમામ કચેરીઓના નાણા ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીઓ તરફ અમલવારી થવા સારૂ.

**નકલ રવાના (e-પરિપત્ર દ્વારા):–**
(૧) વહિવટી-વ-હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.
(૨) આ યુનિવર્સિટીના તમામ NPS ખાતા ધારક કર્મચારીશ્રીઓ તરફ જાણ સારૂ.
(૩) અત્રેની કચેરીના આઇ.ટી. વિભાગ તરફ ઓનલાઈન **(URP)** સોફ્ટવેરમાં જરૂરી ફેરફારો કરવા સારૂ.

નવી વર્ધિત પેન્શન યોજના (NPS) અંતર્ગત ફાળામાં ફેરફાર કરવા બાબત

ગુજરાત સરકાર

નાણા વિભાગ

ઠરાવ ક્રમાંકઃનપન/૧૦૨૦૧૧/ડી/૨૪૫/પી (પા.ફા.૧)

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:-૨૯.૦૨.૨૦૨૪

**સંદર્ભ:**

(૧) નાણા વિભાગનો તા.૨૯.૧૦.૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: નપન/૧૦૨૦૧૧/ડી/૨૪૫/પી (પા.ફા.૧)

**આમુખ :**

વિભાગના તા.૨૯.૧૦.૨૦૨૨ના સંદર્ભ હેઠળના ઠરાવથી નવી વર્ધિત પેન્શન યોજના (NPS) અંતર્ગત કર્મચારીના ફાળા તેમજ સરકારશ્રીના ફાળાની કરવામાં આવેલ જોગવાઈમાં ફેરફાર કરીને નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :**

નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ સંદર્ભ દર્શિત ઠરાવથી રાજ્ય સરકારના કર્મચારીઓના મૂળ પગાર + મોંઘવારી ભથ્થાના અનુક્રમે ૧૦%, ૧૨%, ૧૪% NPS ફાળા સામે સરકારશ્રી દ્વારા અનુક્રમે ૧૦%, ૧૨%, ૧૪% ફાળો જમા કરાવવાની જોગવાઈ કરવામાં આવેલ, જેમા ફેરફાર કરીને કર્મચારીના મૂળ પગાર + મોંઘવારી ભથ્થાના ૧૦% NPS ફાળા સામે સરકારશ્રીનો ૧૪% ફાળો જમા કરાવવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ ઠરાવ મુજબની કપાત કર્મચારીઓના માર્ચ-૨૦૨૪ના પગારથી (પેઈડ ઈન એપ્રીલ-૨૦૨૪) શરૂ કરવાની રહેશે.

નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ તા.૦૧.૦૪.૨૦૦૫ કે ત્યારબાદ નિયમિત નિમણૂક પામેલ રાજ્ય સરકાર/પંચાયત/ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓના કર્મચારી/ અધિકારીઓ કે જેઓના કાયમી પેન્શન ખાતા નંબર (PPAN) નિયામક, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર (નોડલ ઓફિસ) દ્વારા ફાળવવામાં આવે છે તેઓને આ જોગવાઇનો લાભ મળવાપાત્ર થશે.

જે સ્વાયત્ત સંસ્થાઓએ નાણા વિભાગની મંજૂરીથી નવી વર્ધિત પેન્શન યોજનાનો સ્વીકાર કરેલ છે તે સંસ્થાઓએ આ ઠરાવનો અમલ કરતા પહેલા નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.

નાણા વિભાગના તા.૧૮.૦૩.૨૦૦૫ના ઠરાવથી લાગુ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના અને તેમાં વખતોવખત થયેલ અન્ય સુધારાઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભાવિતા રાઠોડ)
નાયબ સચિવ
નાણા વિભાગ

<u>નકલ રવાના:-</u>

- માન. રાજયપાલના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર

માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર
માન. નાણા મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર
માન. મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીઓના અંગત સચિવશ્રીઓ
સચિવાલયના સર્વે વિભાગો/તમામ ખાતાના વડાઓ/તમામ કચેરીના વડાઓ,

- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર

એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ
એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ-૧, ૨), અમદાવાદ/રાજકોટ
Pension Fund Regulatory and Development Authority (PFRDA), New Delhi
National Securities Depository Limited (NSDL), Mumbai
નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગર
નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર
સર્વે જિલ્લા સહાયક નિરિક્ષકશ્રીઓ
તમામ તિજોરી અધિકારીઓ/તમામ પેટા તિજોરી અધિકારીઓ
પગાર અને હિસાબી અધિકારીઓ, અમદાવાદ/ગાંધીનગર
સ્થાનિક ઓડિટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
તમામ બોર્ડ/કોર્પોરેશન/નિગમો.
સિસ્ટમ મેનેજર, નાણા વિભાગની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી માટે
સિલેકટ ફાઇલ પેન્શન સેલ શાખા
પત્ર દ્વારા